email

5168-5202

ક્ર:ઉમબ/ઉમા.૮/વર્ગ-૪/આ.સો./૨૦૨૦/
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં-૯/૧, ડૉ. જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા૩૦/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ,
તમામ

વિષય:- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-૪ ના પટાવાળા આઉટસોર્સથી ભરવા બાબત

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:- બમશ/૧૧૦૯/ઓડી/૦૮/ગ તા. ૧/૮/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:- બમશ/૧૧૧૪/સી.સી.-૨૮/ગ તા. ૨/૨/૨૦૧૬
(૩) અત્રેની કચેરીના ક્ર:- ઉમબ/ઉમા-૮/૨૦૧૬/૨૦૧૨૦-૨૦૧૫૬ તા. ૨૧/૧૧/૨૦૧૬
(૪) અત્રેની કચેરીના ક્ર:-ઉમબ/ઉમા.૮/વર્ગ-૪/આ.સો./૨૦૨૦/૪૯૫૧-૮૫ તા.૨૪/૯/૨૦૨૦

ઉપરોક્ત વિષયના સંદર્ભ પત્રથી આપેલ સુચનાઓનું કેટલાક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા ખોટુ અર્થઘટન થતુ હોવાથી નીચે મુજબની સ્પષ્ટતા કરવામા આવે છે.

બિન સરકારી અનુદાનિત શાળાઓમાં વર્ગ-૪ પટાવાળાની જગ્યાઓ અંગેની કામગીરી આઉટસોર્સીંગથી લેવાની નિતી સંદર્ભ-૧ ના ઠરાવથી નકકી થયેલ છે. આ ઠરાવ ના ક્રમ નં ૨ મા જણાવ્યા મુજબ "રાજયની બિનસરકારી અનુદાનિત શાળાઓમાં મળવાપાત્ર મહેકમ કરતાં જુના સેટ-અપ મુજબ વધારાની જગ્યાઓ પર કર્મચારીઓ ફરજ બજાવતા હશે તો આવી જગ્યાઓ જે તે જગ્યા પર ફરજ બજાવતા કર્મચારીની નિવૃતિ રાજીનામુ કે અન્ય કારણસર જગ્યા ખાલી પડે તે તારીખથી વધારાની જગ્યા રદ થયેલી ગણાશે." જે મુજબ વર્ગ – ૪ ના કર્મચારીઓને ફાજલ કરવાના થતા નથી પરંતુ સંદર્ભ ૨ માં નક્કી થયેલ બિનકુશળ શ્રમ યોગીના સંખ્યાબળ કરતા વધુ હોય તો તેઓને ફક્ત કામગીરી ફેરફારથી જે શાળાઓમા ખાલી જગ્યા હોય ત્યા મુકવાના રહેશે. આ કામગીરી કર્યા બાદ જે શાળાઓને આઉટ્સોર્સીંગથી પટાવાળાની જરુરીયાત હોય તો તેઓને સંદર્ભ – ૨ ના ઠરાવથી કરેલ જોગવાઈ મુજબ બિનકુશળ શ્રમયોગી પૂરા પાડવાના રહેશે. જેના અનુસંધાને આપના જિલ્લામાં કેટલા બિનકુશળ શ્રમયોગી નીમવાના થશે તેની વિગતો શાળાઓ પાસેથી એકત્રીત કરી આ કચેરીના સંદર્ભ-૪ના પત્રથી મોકલેલ પત્રક મુજબ તાત્કાલિક મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ.રા ગાંધીનગર



Scanned with CamScanner